Presented on : 06-08-2024
Registered on : 06-08-2024
Decided on : 19-08-2025
Duration : 01 year, 00 months, 13 days

**ખંભાળીયાના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા**

**ફોજદારી કેસ નં.૧૯૦૭/૨૦૨૪**

**આંક : –**

**ફરીયાદી** : **શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કું. લી.,**
**ના પાવર ઓફ એટર્ની હોલ્ડર હરદાસભાઈ કરશનભાઈ ચાવડા**
ઉ. વ. ૩૮, ધંધો – નોકરી,
ઠે. ધ્વારકેશ કોમ્પ્લેક્ષ, બીજો માળ,
જુની પોસ્ટ ઓફીસ રોડ, નગર નાકા પાસે,
જામખંભાળીયા, જી. દેવભુમિ ધ્વારકા

વિરૂધ્ધ.

**આરોપી** : હેમતભાઈ પાલાભાઈ પરમાર,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો– વેપાર,
મુ. ધ્વારકેશ ૫, માધવબાગ,
ગોકુલનગર, જામનગર, તા. જી. જામનગર

**ગુન્હો : નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે : **વિ. વ.શ્રી વી.ડી.ચુડાસમા**
આરોપી પક્ષ તરફે : **વિ.વ.શ્રી આર.બી.ગોજીયા**

---

**–:: ચુકા દો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, શ્રી રામ ફાયનાન્સ લીમીટેડ( અગાઉ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ) ધી કંપનીઝ એકટ, ૧૯૫૬ હેઠળ નોધાયેલ કંપની છે. અને જેની રજીસ્ટર્ડ ઓફીસ ચેન્નાઈ મુકામે આવેલ છે તથા ફરીયાદી કંપની ટ્રાન્સપોર્ટ

ફાઈનાન્સને લગતુ કામ કરે છે અને જેના તથા નવા કોર્મશીયલ વાહન ઉપર લોન આપવાનું કામકાજ કરે છે. અને ગુજરાત ભરમાં પણ અનેક શાખાઓ ધરાવે છે. તે પૈકી જામખંભાળીયા ખાતે ઓફીસ ઉપરોકત સરનામે આવેલ છે. અમો નિચે સહી કરનાર સદરહું કંપનીમાં સિનીયર બીઝનેશ મેનેજર તરીકેનો હોદો ધરાવીએ છીએ તથા કંપનીના તમામ વ્યવહારોથી અમો વાકેફ છીએ અને સદરહું કંપની તરફથી અમોને પાવર ઓફ એર્ટનીથી અધકિાર અને સતા લખી આપવામા આવેલ છે. જેના આધારે કંપની વતી ત્હોમતદાર સામે કાયદેસર કાર્યવાહી કરવા સતા મળેલ છે. ભારત સરકાર દવારા તા. ૩૦/૧૧/૨૦૨૨ ના કોર્પોરેટ આઈડેન્ટીકેશન નંબર (CIN) L65191TN1979PLC007874 (Pursuant To Rule - 29 of the companies (incorporarion) Rules - 2014) મુજબના સર્ટીફીકેટથી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ હવેથી શ્રીરામ ફાયનાન્સ લીમીટેડ તરીકે ઓળખાશે અને કાર્યરત રહેશે. આ કામના ત્હોમતદારે અમો ફરીયાદી પાસેથી તા. ૨૦/૧૧ /૨૦૧૩ ના રોજ લોન એગ્રીમેન્ટ નં.JMKMBO311190007 થી રૂા. ૧,૮૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખ એંસી હજાર પુરાની ટાટા એસ જેના રજી. નં. જીજે–૧૦–વી–૬૩૦૮ ઉપર લોન લીધેલ છે. જેની એગ્રીમેન્ટ વેલ્યુ રૂા. ૨,૬૨,૦૮૦/– અંકે રૂપીયા બે લાખ બાસઠ હજાર એંસી પુરા છે. સદરહુ એગ્રીમેન્ટ મુજબ લોનની રકમ તહોમતદારે માસીક રૂા. ૭,૪૮૮/– અંકે રૂપીયા સાત હજાર ચારસો અઠયાંસી પુરાના ૩૫ હપ્તામાં લોન ભરપાઈ કરવાની હતી. આ કામના તહોમતદાર સદરહું લોનના હપ્તા ભરપાઈ કરવામાં ખુબ જ અનીયમીત છે. અમો ફરીયાદી કંપનીના ચોપડામાં આરોપીના ખાતા મુજબ આરોપી પાસે અમો ફરીયાદી કંપનીની બાકી લેણી રકમ નીકળે છે. જેથી અમો ફરીયાદી કંપની આ કામના આરોપીને વારંવાર લેખીત તથા મૌખીક સુચના આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ ન કરતા એગ્રીમેન્ટની શરતો મુજબ અમો ફરીયાદી કંપનીએ ઉપરોકત લોન વાળી ગાડી રીપઝેશ લીધેલ તથા ત્યાર બાદ આરોપીને સદરહું રેપઝેશ લીધેલ ગાડી અંગે નોટીશ આપેલ. જેથી આરોપીએ સદરહું ગાડી વેચાણ કરી નાખવાની અમારી કંપનીને સુચન આપેલ તથા સદરહું ગાડીના વેચાણ બાદ જે રકમ ભરપાઈ કરવાની થાય તે રકમ ભરપાઈ કરવાની ખાત્રી, વચન અને વિશ્વાસ આપેલ. જેથી આરોપીએ લીધેલ લોન વાળી ગાડી અમો ફરીયાદી કંપનીએ રૂા.૭૫,૦૦૦/– અંકે રૂપીયા પંચોતેર હજાર પુરામાં વેચાણ કરેલ અને ત્યાર બાદ ફરીયાદી કંપનીએ આરોપીને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી જવા વારંવાર લેખીક અને મૌખીક સુચના આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી આપવા જણાવેલ હતું. અને તા. ૦૧/૦૬/૨૦૨૪ સુધીના લોનના બાકી રૂા. ૬,૬૮,૪૯૦/– અંકે રૂપીયા છ લાખ અડસઠ હજાર ચારસો નેવું પુરા અમો ફરીયાદી કંપનીની બાકી લેણી રકમ ભરપાઈ કરી જવા વારંવાર લેખીત અને મૌખીક ખબર આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી આપવા જણાવેલ જેથી આ કામનાં તહોમતદારે અમો ફરીયાદી કંપની સાથે

રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરામાં સમાધાન કરેલ અને ફરીયાદી કંપનીને સમાધાન પેટે આરોપીએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, જામજોધપુર શાખાનો આરોપીના ખાતા નં. ૩૧૯૭૨૬૪૨૪૩૨ નો ચેક નં. ૪૪૧૪૬૫ તા. ૦૧/૦૬/૨૦૨૪ ના રોજનો રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાનો આપેલ જે ચેક અમો ફરીયાદીએ અમોના એકસીસ બેંક શાખામાં કલીયરીંગ માટે આપતા સદરહું ચેક તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ '' ફંડસ ઈન્શ્ફીસીયન્ટ'' ના શેરા સાથે બાઉન્સ થયેલ જે અંગેની જાણ અમો ફરીયાદીને અમોની બેંક દવારા થયેલ છે. સદરહું તહોમતદારને આપવામાં આવેલ લોન અંગે ફરીયાદીના ચોપડે કાયદાની જોગાવઈઓ મુજબ ફરીયાદીના હીસાબી ચોપડામાં તહોમતદારનુ કોમ્પ્યુટર રાઈઝડખાતું રાખવામાં આવેલ છે જેની નકલ તહોમતદારને આપવામાં આવેલ છે. તહોમતદાર સાથેના દરેક વ્યવહારની નોંધ તહોમતદારને આપવામાં આવેલ લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટની કોપી તહોમતદાર જયારે માંગે ત્યારે આ પવામાં આવે છે. સદરહું ચેક રીર્ટન થતા અમો ફરીયાદીએ અમારા એડવોકેટ શ્રી વનરાજસિંહ ડી. ચુડાસમા મારફત તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ તેમના છેલ્લા સરનામે રજી.એડી.પોસ્ટ સ્ટેચ્યુટરી નોટીશ આપેલ. જે નોટીશ તા. ૨૨/૦૬/૨૦૨૪ દરમ્યાન બજી ગયેલ અને પોસ્ટમેન દવારા એકનોલેઝમેન્ટ પરત કરેલ છે. આમ તહોમતદારને સદરહું નોટીશ બજી ગયા હોવા છતા તહોમતદારે ફરીયાદી કંપનીને આજ દીવસ સુધી સદરહું ચેકની રકમ ચુકવેલ ન હોય, કે તે બાબતે કોઈ દરકાર પણ લીધેલ નથી. એ રીતે તહોમતદારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ગુન્હો કરેલ છે. જેથી આ ફરીયાદ લાવવાની ફરજ પડેલ છે.

(૨) ફરીયાદ રજુ થતા આ કોર્ટ દવારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૪ અન્વયે આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ ની કલમ–૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૭ મુજબ **મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા** ફરીયાદ તથા પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપીની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે **આંક–૦૭ થી ૫લી** નોધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કામ ફરીયાદ પક્ષે પુરાવા રજુ કરવા પર રાખવામાં આવેલ.

(૪) **સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**મૌખીક પુરાવા:-**

| અ.નં. | સાહેદોનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ | ૦૫ |

**દસ્તાવેજી પુરાવો :-**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નામ જોગ પાવર ઓફ એર્ટની આપવા સબંધે બોર્ડ ઓફ ડાયરેકટરના ઠરાવની ખરી નકલ | ૧૦ |
| ૨ | ફરીયાદીની પાવર ઓફ એર્ટનીની નકલ, | ૧૧ |
| ૩ | કંપનીનુ નામ બદલવા અંગેનુ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાનો પત્ર | ૧૨ |
| ૪ | લોન મેળવેલ વાહન પર ફરીયાદી કંપનીના હાઈપોથીકેશન અંગેનો આર.ટી.ઓ. ના સ્ક્રીન રીપોર્ટની નકલ | ૧૩ |
| ૫ | આરોપીના ખાતાના લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની ખરી નકલ | ૧૪ |
| ૬ | ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ-૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ અસલ | ૧૫ |
| ૭ | આરોપીએ આપેલ અસલ ચેક નં. ૪૪૧૪૬૫ | ૧૬ |
| ૮ | ચેક નં. ૪૪૧૪૬૫ સબંધેનો બેંક રીર્ટન મેમો અસલ | ૧૭ |
| ૯ | આરોપીને આપેલ નોટીશની સ્થળપ્રત | ૧૮ |
| ૧૦ | આરોપીને તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ નોટીશ રજી. એડી. કર્યાની પોસ્ટની શીટ અસલ | ૧૯ |
| ૧૧ | આરોપીને મોકલેલ નોટીશ બજી ગયા અંગેનો પોસ્ટ ઓફીશનો એકનોલેઝમેન્ટ | ૨૦ |
| ૧૨ | પોસ્ટ ઓફીશનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ અસલ | ૨૧ |

(૫) ફરીયાદ પક્ષે પોતાનું આંક-૫ નું સોગંદનામું રજુ કરેલ અને ફરીયાદી મુદતે હાજર રહેતા હતા પરંતુ, ફરીયાદીની ઉલટતપાસ કરવા આરોપી પક્ષને તક આપવા છતાં ઉલટતપાસ કરતા ના હોઈ છેવટે ફરીયાદી પક્ષ દવારા આંક-૨૬ થી ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી આપવામાં આવેલ જે મંજુર કરવામાં આવેલ છે.

બાદમાં ફરીયાદ પક્ષે આંક–૨૭ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કર્યા બાદ, આરોપીનું **બી.એન.એસ.એસની કલમ–૩૫૧** મુજબ વધારાનું નિવેદન તૈયાર રાખેલ હોય પરંતુ આરોપી લાંબા સમય થી હાજર રહેતા ન હોય તેથી ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૮ થી તેઓનો એફ.એસ. નોંધવાનો હકક બંધ કરવા માટે અરજી આપવામાં આવેલ જે મંજુર રાખવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલ દલીલો વિગતે સાંભળવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે આંક–૨૯ થી આરોપી ની દલીલનો હકક બંધ કરવા અરજી આપતા તે અરજી નીચે વિગતવાર નો હુકમ કરી આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યાર બાદ ફરીયાદી ના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી એ આરોપીને ગાડી ઉપર લોન પેટેની રકમ આપેલી અને આરોપીએ તે પરત નહીં ચુકવી વિશ્વાસઘાત કરેલ છે. ફરીયાદીએ કાયદેસર રકમ આપેલ છે અને આરોપી ઉપર કાયદેસરનું લેણું છે. સદર કામે આરોપી દવારા ફરીયાદીને રૂા.૨,૫૦,૦૦૦/– પુરાનો ચેક આપવામાં આવેલ અને તે ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે પરત ફરેલ. વધુમાં તેઓ જણાવે છે કે સદર કામે ફરીયાદી તેમના પુરાવાના સોગંદનામામાં તેમની આંક–૧ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ છે ફરીયાદીમાનો ચેક આરોપીએ પોતાના કાયદેસરના લેણા પેટે આપેલ છે . સદર કામે આરોપી પક્ષે કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. આમ, આ કામે ફરીયાદી દવારા તેમની ફરીયાદ પુરવાર કરેલ હોય તેમજ ફરીયાદીનું કાયદેસરનું લેણું હોય આરોપીને કાયદાથી નિર્ધારીત સજા કરવા જણાવેલ છે. જયારે આરોપી પક્ષ તરફે કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

(૭) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને લેખીત મૌખીક રજુઆતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આરોપીએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, જામજોધપુર શાખાનો આરોપીના ખાતા નં. ૩૧૯૭૨૬૪૨૪૩૨ નો ચેક નં. ૪૪૧૪૬૫ તા. ૦૧/૦૬/૨૦૨૪ ના રોજનો રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાનો આપેલ અને તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમા રજુ કરતા સદરહુ ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલા અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે ?

૨. *શું હુકમ ?*

ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નકકી કરવામાં આવેલા મુદાના નિર્ણય પર પહોચવા માટેના મારા કારણો–તારણો નીચે મુજબ છે.

**//કારણો//**

મુદા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બંને મુદાઓની ચર્ચા સયુંકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદા નં.૧ તથા ૨ ની સયુંકત ચર્ચા કરવામાં આવે છે.

(૯) સૌ પ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતા આ કલમમાં અમુક જોગવાઈઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતા પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઈ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ વંચાણે લેતા...........

**Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account–** Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity,

whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation– For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.

હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ. જે બાબતમાં આંક–૧૬ વાળો ચેક તા. ૦૧–૦૬–૨૦૨૪ નો છે તે ચેક સમયમર્યાદામાં બેંકમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લઈએ તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમની માંગણી કરતી લેખિત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઈએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેકો તા.૧૧/૦૬/૨૦૨૪ ના રોજ પરત ફરેલા છે. જેમાં તે ''**ફંડસ ઈન્સફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૧૮ થી રજુ થયેલી નોટીસમાં તે નોટીસ તથા આંક– ૧૯ વાળી પોસ્ટની સ્લીપ જોતા તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને જારી કરેલાનું જણાય છે. એટલે કે ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના સરનામે આપવામાં આવેલ છે. આમ, ફરીયાદીએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી દવારા કલમ–૧૩૮ ના પરંતુક (બી) નું પાલન કરવામાં આવેલ છે.

વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૨૦ અને આંક–૨૧ ધ્યાને લેતાં ફરીયાદી દવારા જે રજીસ્ટર એ.ડી.થી નોટીસ મોકલવામાં આવેલ તે તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ તેઓને બજેલ છે. આમ, આરોપીને આ નોટીસ બજી ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણા ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે આ આ કામે આરોપીએ તેવી કોઈ રકમ ચુકવી આપ્યાનો

બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ–૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી દવારા કરેલ ન હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨ (બી) વંચાણે લેતા તમામ આજ્ઞાત્મક જોગવાઈનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઈ બાધ નડતો નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક–૫ થી ફરીયાદીએ તેમનું પુરાવારૂપી સોગદનામું રજુ કરી સદર પુરાવારૂપી સોગંદનામાની સરતપાસમાં આંક–૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે જેથી અત્રે પુનરાવર્તન ટાળવા માટે તે હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ તેની ટુંકમાં વિગત અહી રજુ કરેલ છે. આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આરોપીએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, જામજોધપુર શાખાનો આરોપીના ખાતા નં. ૩૧૯૭૨૬૪૨૪૩૨ નો ચેક નં. ૪૪૧૪૬૫ તા. ૦૧/૦૬/૨૦૨૪ ના રોજનો રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાનો આપેલ અને તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમાં રજુ કરતાં સદર ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'''ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. આમ આરોપીએ નોટીસનો અમલ કરેલ નથી કે ચેકની રકમ ફરીયાદીને વસુલ આપેલ નથી. આ ફરીયાદીની ઉલટતપાસ આરોપી પક્ષે કરવામાં આવેલ નથી તેમજ આ કામે આરોપીનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે તેમજ આ કામે આરોપીનો દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

(૧૧) સૌ પ્રથમ ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારી પેટે આપેલ છે કે કેમ, તે નકકી કરવું પડે. જે બાબતમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા સોગંદનામામાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી વાહન ઉપર લોન પેટે રકમ રૂા. ૨,૫૦,૦૦૦/– પુરા મેળવેલ અને તે લેણા પેટે ફરીયાદી ના નામનો પોતાના ખાતાનો ફરીયાદવાળો ચેક લખી આપેલ છે. આરોપી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદી એ આરોપી પાસેથી કુલ રૂા. ૨,૫૦,૦૦૦/– પુરા લેવાના છે અને લેણા પેટે આરોપીએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, જામજોધપુર શાખાનો આરોપીના ખાતા નં. ૩૧૯૭૨૬૪૨૪૩૨ નો ચેક નં. ૪૪૧૪૬૫ તા. ૦૧/૦૬/૨૦૨૪ ના રોજનો રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરાનો

આપેલો છે. આરોપીની પ્લી રેકર્ડ થયા બાદ આરોપી છેલ્લા ઘણા સમયથી હાજર રહયા નથી. આમ, આરોપી હાજર રહેતા ન હોઈ અને કેસ લંબાવતા હોઈ અને ફરીયાદી હાજર રહેતા હોઈ ફરીયાદ પક્ષે આં ક–૨૬ ની અરજી આપી આરોપી પક્ષનો ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવા વિનંતી કરેલ હતી. જે અરજી નીચે આ કોર્ટ ધ્વારા નામ. સર્વોચ્ચ અદાલતના (૨૦૧૪) ૦ એ.આઈ.આર. (એસ.સી) ૨૫૨૮ના ઈન્ડીયન બેંક એસોસીએશન વિ. યુનીયન ઓફ ઈન્ડીયાના ચુકાદામાં આપેલા દિશાનિર્દેશો પૈકી નં. ૪, ૫ મુજબ આરોપી કોર્ટમાં હાજર થાય ત્યારે તેની પ્લી નોંધાતી હોય ત્યારે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ તેમનો બચાવ રજુ કરવો પડે અને પછી આરોપીના બચાવના પુરાવા માટે કેસ રાખવો પડે, સિવાય કે આરોપી ધ્વારા ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨) મુજબ ફરીયાદીને રીકોલ કરી ઉલટતપાસ કરવા પરવાનગી માંગતી અરજી આપી હોય. હાલના કેસમાં આરોપીની પ્લી નોંધાઈ ત્યારે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબનો કોઈ ડિફેન્સ રજુ કરેલ નથી કે, બાદમાં ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨) મુજબની ફરીયાદીને રીકોલ કરવા અરજી આપેલ નથી એટલે કે, આરોપી ફરીયાદીની ઉલટતપાસ કરવા માંગતા નથી તેવું સાબિત થાય છે. જેથી સદરહુ નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આરોપી પક્ષે ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલો છે. આમ, ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવેલી હકીકતો તેમની સરતપાસ મારફતે સાબિત કરેલ છે. જયારે આરોપી પક્ષે તેમનો કોઈ બચાવ રજુ કરેલો નથી. આમ, ફરીયાદ પક્ષે ફરીયાદ વાળો ચેક આરોપીએ કોઈ લેણા કે જવાબદારી પેટે આપેલો હોવાનું સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવેલ છે. વધુમાં, ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલો હોવાનું કોર્ટ અનુમાન કરી લેવાનું છે અને તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે.

(૧૨) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

**Sec. 139 : Presumption in favour of holder–** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

જે મુજબ, વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકને ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ મા જણાવ્યા મુજબની કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: પાલન માટે જ મેળવેલો છે.

આરોપીને આ અનુમાનથી વિરુધ્ધનું સાબીત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી. પરંતુ, પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી દવારા ફરીયાદીની તથા તેના સાહેદોની ઉલટતપાસ દવારા પણ રજુ કરી શકે છે.

હાલના કામે આરોપીએ પોતે કોઈ બચાવ રજુ કરેલો નથી કે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. તે સંજોગોમાં આરોપી ઉપર જે કલમ-૧૩૯ મુજબનો સાબીતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ કલમ-૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરેલ નથી. ફરીયાદ પક્ષે આરોપીએ ફરીયાદી પાસેથી પોતાના વાહન ઉપર લોન રૂપે રકમ લીધેલ છે અને તે લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક આપેલો હોવાનું જણાવેલ છે, જેનો પણ આરોપી પક્ષે ઈન્કાર કરેલ નથી કે ખોટું હોવાની તકરાર લીધેલ નથી. ફરીયાદ પક્ષે આંક-૧૬ થી આરોપીએ આપેલ ચેક રજુ કરેલો છે. જે આંક-૧૭ વાળા રીટર્ન મેમો મુજબ "**ફંડસ ઈનસફીશીયન્ટ** " ના શેરા સાથે પરત ફરેલ છે. ફરીયાદીએ આરોપીને આંક-૧૮ વાળી નોટીસ આપેલ છે અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે પરંતુ આરોપીએ તે નોટીસનો જવાબ આપેલો નથી કે પોતાનો કોઈ બચાવ રજુ કરેલો નથી. જેથી આરોપીએ ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ અનુમાનનું ખંડન કરેલ નથી.

(૧૩) વધુમાં, હાલના કેસમાં ફરીયાદીએ રજુ કરેલ આંક-૧૭ વાળો રીટર્ન મેમો જોતા તે રીટર્ન મેમો આરોપીની બેંક દવારા આપવામાં આવેલ છે જેમાં ફરીયાદી વાળો ચેક "**ફંડસ ઈનસફીશીયન્ટ** " ના શેરા સાથે પરત કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તે રીટર્ન મેમામાં તકરારી ચેકના નંબર લખેલા છે. આમ આ કામે આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપી પોતાના ખાતામાં ફંડ નહી રાખી. તેવું માનવાને કારણ રહે છે.

(૧૪) આમ, સમગ્ર રીતે ફરીયાદ પક્ષ સાબીત કરવામાં સફળ રહેલ છે કે, ફરીયાદીની રકમ લેણી પડે છે, જેની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને તકરારી આંક-૧૬ વાળો ચેક આપેલો. જે ચેક આરોપીની બેંક દવારા "**ફંડસ ઈનસફીશીયન્ટ** " ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત ફરેલ હોઈ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલો હોવાનું સ્પષ્ટ સાબીત થાય છે. આરોપી પક્ષ કલમ-૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

(૧૫) આરોપી પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી, જુબાનીમાં લખેલી વિગતોનો ઈન્કાર કરેલ નથી. તે સંજોગોમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં, જુબાનીમાં તથા રજુ કરેલ દસ્તાવેજોની સંપૂર્ણ વિગતોથી

ફરીયાદ સાબીત કરેલ છે તેમ સ્પષ્ટપણે કહી શકાય. આમ, ફરીયાદ, રજુ દસ્તાવેજો તથા મૌખીક પુરાવા અને દલીલને ધ્યાને લેતાં આરોપીએ આપેલ આંક–૧૬ વાળો ચેક ફરીયાદી બેંકને ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આપેલા હોવાનું તથા તે "**ફંડસ ઈનસફીશીયન્ટ** " ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત આવેલો હોઈ અને આરોપીને ફરીયાદીએ નોટીસ આપવા છતાં અને આરોપીને નોટીસની જાણ થવા છતાં આરોપીએ તે ચેકની રકમ ફરીયાદીને ચુકવી નહી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબીત થાય છે. આમ, ફરીયાદ પક્ષની દલીલોમાં વજુદ જણાય છે અને ફરીયાદ પક્ષની રજુઆતો માનવાપાત્ર જણાય છે. જેથી મારો મુદા નં.૧ નો જવાબ હું હકારમાં ઠરાવું છું.

**(૧૬)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલના ગુનામાં ૨ વર્ષની કેદ તથા ચેકની રકમથી ડબલ રકમની દંડની જોગવાઈ કરેલી છે. હાલનો કેસ સમન્સ ટ્રાયબલ કેસ તરીકે ચાલેલ છે. ફરીયાદીના આરોપી પાસેથી રૂા. **૨,૫૦,૦૦૦/–** લેણા નિકળતા હોય અને તે લેણા પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે અને તે બાબતે હાલની ફરીયાદ દાખલ થયેલ છે. આરોપીને હાલના કેસમાં સમન્સ બજયા બાદ હાજર થયા છે અને તેઓ વકીલ મારફતે હાજર રહેલ છે. ત્યાર બાદ આરોપી એ પોતાની સામેના આ કેસમાં કોઈ ગંભીરતા દાખવેલ નથી. સમન્સ ટ્રાયબલ કેસમાં સજાની જોગવાઈ બાબતે આરોપીને સાંભળવાની જરૂર નથી. હાલના કેસની તકરાર તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં પણ આરોપીને ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવે તો ન્યાયોચીત જણાય છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના કેસો ચલાવવામાં ઘણો સમય જાય છે. આ સમય દરમ્યાન ફરીયાદીને દાવા કરવાનું લીમીટેશન પણ કપાતું રહે છે. આરોપીએ ફરીયાદીને કોઈ રકમ ચુકવેલ નથી. આ કામે આરોપીને ઉપર જણાવ્યા મુજબ ૨ વર્ષની સાદી કેદની સજા કરવાનું વ્યાજબી જણાય છે. સાથે સાથે બી.એન.એસ.એસની કલમ–૩૯૫ મુજબ ફરીયાદીને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવે તો વધુ ન્યાયોચીત જણાય છે. આમ, આ કામના તકરારી ચેકની રકમ **રૂા.૨,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા) છે. જેથી તે રકમ જો વળતર પેટે ફરીયાદીને ચુકવવામાં આવે તો ન્યાયોચીત જણાતું હોય જે મુજબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

(૧) ક્રિમીનલ કેસ નં. ૧૯૦૭/૨૦૨૪ ના કામે આરોપી હેમતભાઈ પાલાભાઈ પરમાર, ઉ.વ.આ. પુખ્ત, ધંધો– વેપાર, મુ. ધ્વારકેશ ૫, માધવબાગ, ગોકુલનગર, જામનગર, તા. જી. જામનગર નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ દોષિત ઠરાવીને બે વર્ષ ની સાદી કેદની સજા ભોગવવાનો અને **રૂા.૨,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા) દંડ તરીકે ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ જણાવેલ દંડની રકમ જમા ન કરાવ્યેથી ડીફોલ્ટ પેટે વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ, જણાવેલ દંડની રકમ જમાં કરાવ્યેથી તે રકમ **રૂા.૨,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા.

(૪) વધુમાં આરોપીએ હાલના ગુનાના કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી આજરોજ પણ હાજર નથી જેથી આરોપી વિરુધ્ધ પકડ વોરંટ કાઢવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી પકડાઈ આવેથી સજા વોરંટ ભરવા તથા આ હુકમની નકલ આરોપી ને વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીના જામીન તથા જામીન ખત જો હોય તો રદ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૯ મી, માહે–ઓગસ્ટ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૯–૦૮–૨૦૨૫
ખંભાળીયા.

**(શ્રી કમલેશ ચેતનભાઈ મંધાણી)**
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જજ કોડ નં. જીજે ૦૦૮૨૩